રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-APG/10/2019/83421/CHH1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૪/૨૦૨૫.

17 APR 2025

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૧૪/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૧/૦૩/૨૦૨૩નો ઠરાવ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯/૦૧/૨૦૨૫નો ઠરાવ.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૧૯/૦૩/૨૦૨૫નો પત્ર નં.DSD/0168/01/2o25.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી ધોરણે રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૩ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. અગાઉ આ ૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૧/૦૩/૨૦૨૩ના સરખા ક્રમાંકના ઠરાવથી વધારી આપવામાં આવેલ હતી. તેમજ આ ૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૫ના સરખા ક્રમાંકના ઠરાવથી વધારી આપવામાં આવેલ હતી. આ ૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૧૯/૦૩/૨૦૨૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ / મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંની કુલ-૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ઠકની વિગતે તથા નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળની મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટેની સંસ્થા,રાજકોટની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ચીફ ઓફિસર | ૩ | ૧ | ૦ | ૧ | - | - |
| ૨ | કેસવર્કર કમ પ્રોબેશન ઓફિસર | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૩ | સીનીયર કલાર્ક | ૩ | ૧ | ૦ | ૧ | - | - |
| ૪ | ગૃહમાતા | ૩ | ૧ | ૦ | - | ૧ | - |
| ૫ | પટાવાળા | ૪ | ૧ | ૧ | - | - | - |

File No: APG/10/2019/83421/CHH1
Approved By: Deputy Secretary,CHH-1 Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | રસોયા | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૭ | લેડી એટેન્ડન્ટ | ૪ | ૩ | ૩ | - | - | - |
| ૮ | સ્વીપર | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૯ | ચોકીદાર | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૧૦ | પાર્ટ ટાઇમ વીઝીટીંગ મેડીકલ ઓફિસર | - | ૧ | ૧ | - | - | - |
| ૧૧ | પાર્ટ ટાઇમ મનોવૈજ્ઞાનિક / મનોચિકિત્સક | - | ૧ | ૧ | - | - | - |
| કુલ | | | ૧૩ | ૧૦ | ૨ | ૧ | - |

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૦૪/૦૪/૨૦૨૫ની તથા અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૦૫/૦૪/૨૦૨૫ની નોંધથી ઓનલાઇન મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

Øમાન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Øમાન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Øઅગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Øનિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Øનાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.

Øએકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ

Øસંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)

Øછ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

Øસેક્શન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.

Øશાખા સિલેક્ટ ફાઇલ.